રાજ્યમાં કોરોના બેકાબુ નવા ૨૮૧૫ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩ દર્દીના મોત : અત્યાર સુધીમાં કુલ ૨,૯૬,૭૧૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે : રસીકરણ છતાં રાજ્યમાં કોરોના બેકાબુ

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૨૮૧૫ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૨૮૧૫ નવા કોરોના કેસ નોંધાયા છે તો બીજી તરફ ૨૦૬૩ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૯૬,૭૧૩ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૪.૦૩ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૬૨,૩૦,૨૪૯ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૭,૬૪,૩૪૭ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૬૯,૯૪,૭૯૬ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૩,૭૧,૦૫૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૩૨,૬૨૪ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧૪,૨૯૮ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૬૧ લોકો વેન્ટિલેટર પર છે અને ૧૪,૧૩૭ લોકો સ્ટેબલ છે. ૨,૯૬,૭૧૩ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૫૫૨ લોકોનાં મોત નિપજ્યાં છે.

આજે રાજ્યમાં કોરોનાને કારણે ૧૩ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરત કોર્પોરેશનમાં ૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, ભાવનગર કોર્પોરેશન, રાજકોટ, તાપી અને વડોદરામાં ૧-૧ લોકોનાં મોત નિપજ્યાં છે. આ પ્રકારે રાજ્યમાં આજે કોરોનાને કારણે કુલ ૧૩ લોકોનાં મોત નિપજ્યાં છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના કર્મયોગી ભવનમાં આવેલ મેટ્રો રેલ પ્રોજેકટની કચેરીમાં ૪૦ જેટલા કર્મયોગીઓનો રિપોર્ટ કોરોના પોઝીટીવ જણાતાં સંકુલમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર કલેકટર કચેરીમાં આજે મનપાની ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાતું જોવા મળ્યું ન હતું.
- ગાંધીનગરમાં કોરોનાનો કહેર વધતાં સચિવાલયની પોઈન્ટ બસોમાં પણ મુસાફરોની સંખ્યા ઘટી રહી છે.
- ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૬૯૪ વ્યકિતઓને કોરોના વેકિસનેશન હેઠળ આવરી લેવામાં આવેલ છે. જયારે શહેરમાં ૨૭૪૧ વ્યકિતઓને કોરોનાના વેકિસનેશન હેઠળ આવરી લેવાયા છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૩૫ દર્દીઓ કોરોનામાંથી રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા છે.
- સેકટર-૨૩ કોરોના માટે અતિ સંવેદનશીલ બન્યાની ચર્ચા લોકજીભે સાંભળવા મળી રહી છે. આ સેકટરની કેટલીક સોસાયટીઓમાં મોટી સંખ્યામાં કોરોનાના કેસ જોવા મળી રહ્યા છે.
- ૭૨ કલાક પછી પણ એક શંકાસ્પદ દર્દીનો આર.ટી.પી.સી.આર.નો રિપોર્ટ ન આવતાં પરિવાર અને સગા વ્હાલાઓ ચિંતાતુર બન્યા છે.

"શું તમે વેક્સિન લીધી ?" શહેરમાં અત્ર-તત્ર-સર્વત્ર પુછાતો પ્રશ્ન

"શું તમે વેક્સિન લીધી ?" આ પ્રશ્ન અત્યારે ગાંધીનગરમાં સૌથી વધારે વાર પુછી રહેલો પ્રશ્ન એટલે કે "ટોક ઓફ ધ ટાઉન" બની રહેવા પામ્યો છે. શહેરમાં જે ગતિએ કોરોના સંક્રમણની બીજી લહેર પ્રસરવા પામી છે તે જોતા હવે નાગરિકોમાં ફરી એકવાર કોરોનાનો ભય વર્તાઈ રહ્યો છે, જ્યારે બીજી તરફ શહેરમાં રસીકરણ અભિયાન પણ વેગવંતુ બનાવાયું છે અને તેમાં ૪૫ વર્ષથી ઉપરની વય ધરાવતા તમામ નાગરિકોને વિના મૂલ્યે રસી આપવામાં આવી રહી છે જેના કારણે શહેરમાં અત્ર, તત્ર, સર્વત્ર સૌ કોઈ એકબીજાને પુછી રહ્યાં છે કે તમે રસી લીધી કે નહી ?

રસીકરણ અભિયાનનો પ્રારંભ આમ તો પાટનગરમાં ક્યારનોય કરી દેવાયો હતો જેમાં પહેલા ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓને રસી આપવામાં આવતી હતી. આ સાથે ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓને જો કોઈ ગંભીર બિમારી હોય તો તેમને રસી લેવાનો લાભ પ્રાપ્ત થઈ શકતો હતો. જો કે સતત વધી રહેલા સંક્રમણને પગલે સરકારે હવે ૪૫ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિને વિનામૂલ્યે રસી આપવાની છૂટ આપવા સાથે રસીકરણ અભિયાન માત્ર હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્રો પુરતુ મર્યાદિત રાખવાને બદલે સોસાયટીઓમાં અને સેક્ટરોના ચોકઠાંઓ સુધી વિસ્તારવામાં આવ્યુ છે અને તે સાથે ડોર ટુ ડોર જઈને આરોગ્ય કર્મીઓ રસી લેવા માટે નાગરિકોને અનુરોધ કરી રહ્યાં છે. વળી, વધતા કોરોના સંક્રમણને કારણે દરેક સોસાયટી અને વસાહતના હોદ્દેદારો પણ પોતાના વિસ્તારમાં જોખમ વધે નહી તે હેતુસર રસીકરણ કેમ્પ યોજવા આગળ આવી રહ્યાં છે. કોરોનાને રોકવા હવે લોકડાઉન તો થઈ શકે તેમ નથી અને માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સ સતત જાળવવું અઘરૂ હોવાથી રસીકરણ જ એક માત્ર વિકલ્પ છે તેથી "શું આપે રસી મુકાવી કે નહીં ?"

ગાંધીનગર જિલ્લાના ૪૫ વર્ષથી વધુ વયના ૧ લાખ ૨૫ હજારથી વધુ લોકોને કોરોનાની રસી અપાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધીમાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો, હેલ્થ સ્ટાફ અને પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ એવા ૧,૨૫,૪૪૪ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. તેમજ ગાંધીનગર જિલ્લામાં ૪૫ જેટલા કોરોના રસીકરણ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આજરોજ કુલ ૨૨૭૯ નાગરિકોને કોરોના સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વેકસીન આપવાનું નક્કી થયું હતું. ત્યારથી આજદિન સુધી ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો સહિત હેલ્થ સ્ટાફ અને પ્રથમ હરોળના કોરોના વોરિયર્સને કોરોનાનું રસીકરણ કરવામાં આવ્યું છે.

આ રસીકરણ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા અને નજીકના સ્થળે લોકોને ઘર આંગણે જ રસીનો લાભ મળી રહે તેમજ ટૂંક સમયમાં લોકોને કોરોના સામે રક્ષણ મળે એ હેતુથી જિલ્લામાં સરકારી આરોગ્ય કેન્દ્ર સિવાયના વિવિધ જગ્યાએ વધારાના કોરોના રસીકરણ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે તે વિસ્તારના સોસાયટી એરિયા જિલ્લા બોર્ડ નિગમની કચેરી, એસ.ટી.ડેપો, જી.આઈ.ડી.સી ઔધોગિક વિસ્તાર વસાહત વિસ્તારોમાં જઈ કોરોનાની રસી આપવામાં આવે છે.

રાજ્યમાં ધોરણ ૧ થી ૯ના વર્ગોનું શિક્ષણકાર્ય બંધ

શાળાઓમાં અન્ય આદેશ ના થાય ત્યાં સુધી શિક્ષણ કાર્ય બંધ રહેશે : ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે : મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં લેવાયો મહત્વનો નિર્ણય

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

કોર કમિટીના આ નિર્ણય અનુસાર રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતીને ધ્યાનમાં લઈને સમગ્ર રાજ્યમાં ધોરણ ૧ થી ૯ની તમામ શાળાઓમાં સોમવાર પાંચમી એપ્રિલથી અન્ય સૂચનાઓ કે આદેશ ના થાય ત્યાં સુધી શિક્ષણ કાર્ય બંધ રાખવામાં આવશે.

રાજ્યમાં તમામ સરકારી અને ખાનગી શાળાઓને આ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. આ નિર્ણય શાળાઓમાં વર્ગખંડ શિક્ષણ એટલે કે ઓફ લાઈન શિક્ષણ માટે છે. ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના વિદ્યાર્થીઓના વ્યાપક હિત અને કોરોના સંક્રમણ નિયંત્રણના ઉદ્દેશ્યથી આ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન કોરોનાની સ્થિતિનો વ્યાપ વધતા કોરોનાનું સંક્રમણ વિધ્યાર્થીઓમાં ફેલાય નહિ તે હેતુથી વિધ્યાર્થીઓના આરોગ્ય સુરક્ષાને ધ્યાને રાખીને હવે સમગ્ર રાજ્યમાં ધોરણ ૧ થી ૯ની તમામ શાળાઓમાં વર્ગખંડ-ઓફ લાઈન શિક્ષણ કાર્ય બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગરના નેતાઓને ભાજપ પ્રદેશ કારોબારીમાં સ્થાન અપાયુ

ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર અને પૂર્વ મેયરો સર્વશ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણભાઈ પટેલ અને રીટાબેન પટેલનો સમાવેશ, જ્યારે આમંત્રિતોમાં પૂર્વ પ્રમુખ મહેન્દ્રદાસ અને પૂર્વ ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરને સમાવાયા

ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણીમાં નવા ચહેરાઓને ટીકીટની ફાળવણી થતા ભાજપના કેટલાક આગેવાનોમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો જયારે આ રોષની અસર પરિણામ પર જોવા ન મળે તે માટે ભાજપના પ્રદેશ અધ્યક્ષે શહેરના નેતાઓને પ્રદેશ ભાજપ કારોબારીમાં સ્થાન આપી દીધુ છે. કોર્પોરેશનની ચુંટણીમાં ટીકીટનુ પત્તુ કપાયા બાદ ડેમેજ કંટ્રોલના ભાગરૂપે પણ ભાજપના નેતાઓને કારોબારીમાં સમાવી લેવામાં આવ્યા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરના પુર્વ મેયર સહીત ગુડાના પુર્વ ચેરમેન અશોક ભાવસારનો પણ કોરોબારીમાં સમાવેશ કરાયો છે.

ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણી ચકરાવો શરૂ થતા સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. જયારે આ ચુંટણીમાં ભાજપે ટીકીટ ફાળવણી દરમિયાન તદન નવા ચહેરાનો સમાવેશ કર્યો છે. ટીકીટ માટેની દાવેદારીના અંતે પ્રબળ દાવેદારોમાં પુર્વ મેયર સહીતના નેતાઓની બાદબાકી કરી દેવામાં આવી છે. જયારે ચુંટણી નજીકમાં છે. ત્યારે ટીકીટ ફાળવણીના અંતે ચુંટણી પરિણામમાં આ રોષ ઠલવાતો જોવા ન મળે તે માટે પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી આર પાટીલે નગરના નેતાઓને પ્રદેશ કારોબારીમાં સ્થાન આપ્યુ છે. જેમાં ગાંધીનગરના પુર્વ મેયર રીટાબેન પટેલ, મહેન્દ્રસિંહ રાણા, પ્રવિણ પટેલ તેમજ ગુડાના પુર્વ ચેરમેન અશોક ભાવસારનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આમંત્રિત સભ્યોમાં સંસદીય સભ્ય પુનમ મકવાણા, પુર્વ શહેર પ્રમુખ મહેન્દ્ર દાસ, પુર્વ ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, તેમજ પુર્વ પ્રમુખ નીતિન પટેલનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત વિશેષ આમંત્રિત સભ્યમાં પણ ભગવાનદાસ પંચાલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જીએમએલ ટૂર્નામેન્ટમાં એનએસસીએ સામે પ્રતિસ્પર્ધીનું 'સમર્પણ'

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે રમાઈ રહેલી જીએમએલ લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સમર્પણ ક્રિકેટ એકેડેમીની ટીમને આજે ન્યુ હેરિઝોન ક્રિકેટ એકેડેમીએ પરાજય આપ્યો હતો. આ મેચમાં ૫ વિકેટ ઝડપનાર જય પટેલને મેન ઓફ ધ મેચનો ખિતાબ અર્પણ કરવામાં આવ્યો હતો.

આજની મેચમાં સમર્પણ ક્રિકેટ એકેડેમીની ટીમે પ્રથમ બેટીંગ કરતા માત્ર ૨૭.૪ ઓવરમાં ૮૯ રન બનાવી તંબુ ભેગી થઈ ગઈ હતી. જેમાં જતીન સિરેસિયાના ૨૮ અને પ્રિન્સ બારોટના ૨૨ રન હતા. ન્યુ હોરિઝોન ક્રિકેટ એકેડેમી-૧ ટીમના જય પટેલે ૨૫ રનમાં ૫ વિકેટ અને સ્નેહ શાહે ૨૬ રનમાં ૩ વિકેટ ઝડપી બેટીંગ ટીમને 'સમર્પણ' કરવા મજબુર કરી દીધુ હતુ. જવાબમાં એનએસસીએ અભિષેક પંડ્યાના ૩૧ રનની સહાયથી ૨૦.૩૦ ઓવરમાં પાંચ વિકેટે ૯૦ રન કરી વિજય પ્રાપ્ત કર્યો હતો.

એપ્રિલના બીજા સપ્તાહમાં ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રી પહોંચશે

યુ.પી., આસામ, બિહારમાં અતિવૃષ્ટિ થશે અલબત્ત ઉત્તર પુર્વ ભારતમાં ચોમાસુ ભારે રહેશે : દક્ષિણ ભારતમાં સામાન્યથી ઓછુ રહેવાની સંભાવના : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૩

હાલમાં તા૪ થી ૬ એપ્રિલ દરમિયાન દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષના સંભાવના છે. પંજાબ ચંડીગઢ, દિલ્હી અને રાજસ્થાન સુધી વાદળવાયુ કે ક્યાંક વરસાદી છાંટણા પડવાની સંભાવના છે. તા ૧૦ એપ્રિલથી ૨૦ સુધીમાં ગરમી વધશે. મહત્તમ તાપમાના ૪૪ ડીગ્રી સુધી થવાની સંભાવના છે. જયારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સુધી જશે. જેમાં પંચમહાલના ભાગો મધ્યગુજરાતના આણંદ વડોદરા, અમદાવાદ ,ઉત્તર ગુજરાતના ભાગો બનાસકાંઠા પાલનપુર થરાદ, પાટણ મહેસાણા હારીજ, સમી, બેચરાજી, તેમજ દશાલા, ઝીઝુવાડા, સુરેન્દ્રનગરમાં સખત ગરમી પડશે.ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં સામાન્ય ગરમી રહેશે. જુનાગઢ અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ગરમી રહેશે. તા ૭ એપ્રિલ સુધીમાં ગલ્ફનુ ધુળકટ પાકીસ્તાનના ભાગોથી કચ્છ અને રાજસ્થાનના ભાગોને પ્રભાવિત કરશે.

રાજસ્થાનમાં તેની સવિશેષ અસર થશે કચ્છના ભાગોમાં ધુળકટ સાથે ગરમી રહેશે. તા ૧૬ થી ૨૦ માં ગરમીમાં વધઘટ થાય દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમ વર્ષા કે કમોસમી વરસાદ થવાની સંભાવના છે જયારે તેની અસર ગુજરાતના ભાગો સુધી પણ થશે. ગુજરાતમાં તા ૧૬ થી ૨૦માં હવામાન પલ્ટો જોવા મળશે. જેમાં આંધી વંટોળ સાથે મધ્ય પ્રદેશના નિકટવર્તી ભાગો, રાજસ્થાન તેમજ દક્ષિણ ગુજરાતના નિકટના ભાગોમાં કમોમસમી વરસાદ કે કરા પડશે.

તા ૧૫ એપ્રિલ બાદ બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની સંભાવના છે. એપ્રિલમાં તેમજ મેં મહીનામાં બંગાળાના ઉપસાગરમાં ચકવાતોનુ પ્રમાણ વધશે. આ વિશિષ્ટ સ્થિતિના લીધે તેમજ દક્ષિણ ગોળાર્ધમાં પ્રવર્તતી વિશિષ્ટ સ્થિતિના લીધે દેશના ચોમાસા પર પણ અસર થશે.દક્ષિણ ભારતમાં વરસાદ ઓછો રહેવાની સંભાવના છે. ગુજરાતના ભાગોમાં ૯૮ ટકા વરસાદની ધારણા રાખી શકાય તેમ છે. જેમાં ઉત્તર મધ્ય ગુજરાતમાં વરસાદ અનિયમિત થતા વરસાદમાં વચ્ચે અંતર રહેશે. દરિયા કિનારાના વિસ્તારેમ વરસાદ સારો રહે અને અરબ સાગરમાં હવાના હળવા દબાણો પણ ઉભા થશે. જો કે અરબી સમુદ્રમાંથી ઉભા થતા ચક્રવાત ઓમાન તરફ ફંટાઈ જવાની સંભાવના છે. દરિયામાં સમાઈ જાય તેમ પણ બની શકે . પુર્વ ભારતમાં ભારે વરસાદની સંભાવના રહે અતિ ભારે વરસાદના સંજોગોમાં પુર આવી શકે. ઉત્તર ભારતના ભાગોમાં પણ ભારે વરસાદ થતા ગંગા યમુના નદીમાં પુરની સ્થિત પણ બની શકે.

કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ શનિવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો.

ગુજરાતમાં લોકડાઉનની કોઈ વિચારણા નથી : નીતિનભાઈ

સમગ્ર ગુજરાતમાં કોરોનાના કેસ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે, તેવામાં વડોદરામાં સ્થિતિ ગંભીર બનતા આજે શહેરમાં સ્થિતિની સમીક્ષા કરવા માટે ડે. સીએમ નીતિન પટેલ વડોદરા પહોંચ્યા હતા. નીતિન પટેલે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે મિટિંગ કર્યા બાદ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે માત્ર ગુજરાતમાં જ નહીં, આખાય દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે હાલ ગુજરાતમાં લોકડાઉન લગાવવું પડે તેવી કોઈ સ્થિતિ નથી અને ના તો સરકારની કોઈ વિચારણા છે.

સરકાર દ્વારા માત્ર આરટી-પીસીઆર ટેસ્ટમાં પોઝિટિવ આવેલા દર્દીઓના જ આંકડા જાહેર કરાય છે તેવા એક સવાલનો જવાબ આપતા નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં મોટી સંખ્યામાં ટેસ્ટ કરાય છે, અને જે પણ દર્દી પોઝિટિવ આવે છે તેની ગણતરી કરીને તે અનુસાર આંકડા જાહેર કરાય છે.

મનપાની ચૂંટણીના સંદર્ભમાં ભાજપાની સંગઠનલક્ષી બેઠક યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ૨ એપ્રિલ, શુક્રવારના રોજ ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ ખાતે ભાજપાની સંગઠનલક્ષી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, ચૂંટણી ઈન્ચાર્જો, સિનિયર કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રી રજની પટેલ, પૂર્વ પ્રદેશ મંત્રી અમિત ઠાકરે આગામી ચૂંટણીમાં ભાજપાની સંગઠનલક્ષી અને ચૂંટણીલક્ષી વ્યવસ્થાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું તેમજ બેઠકમાં ઉપસ્થિત સિનિયર આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ સેતુના માધ્યમથી વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી.

ભટ્ટે જણાવ્યું હતું કે આગામી તા. ૧૮મી એપ્રિલના રોજ યોજાનાર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૧૧ વોર્ડના તમામ ૨૮૪ બુથમાં બુથ લેવલ સુધીની સુદ્રઢ વ્યવસ્થાઓ સાથે કાર્યકર્તાઓની મહેનતથી ભાજપાના તમામ ઉમેદવારો વિજયી બનશે તેવો સૌએ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. શહેર સંગઠનના હોદ્દેદારો, ભાજપાના ઉમેદવારો, વોર્ડ પ્રમુખો, વોર્ડના ઈન્ચાર્જો, મહામંત્રીઓ, સિનિયર આગેવાનો, વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં ૧૦૨ વયના વયોવૃદ્ધ ચંચળબાએ રસી લીધી

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે રાહેલબા વૃધ્ધાશ્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ ૬૦ વર્ષની વય ધરાવતા વ્યક્તિઓને રસી આપવામાં આવી હતી. જેમાં વૃધ્ધાશ્રમમાં રહેતા ૪૦ વયસ્કોને વેક્સીનેશન કરવામાં આવ્યું હતું. અહીંયા ૧૦૨ વયના વયોવૃદ્ધ મહિલા ચંચળબા જયસ્વાલે રસીનો લાભ લીધો હતો. આ ઉપરાંત બીજા ૯૫ વર્ષની વય ધરાવતા સીનીયર સીટીજને કોરોનાની રસી લીધી હતી. સંસ્થાના સંચાલિકા નિર્મલાબેને તમામને રસી અપાઈ આરક્ષિત કરવાનો નમ્ર પ્રયાસ હાથ ધર્યો હતો.

કોરોના સામે લોકજાગૃતિ માટે યુવાનોને પ્રતિબદ્ધ બનવા રાજ્યપાલશ્રીનો અનુરોધ

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના યુવા છાત્રોને તેમણે મેળવેલા જ્ઞાનનો રાષ્ટ્ર-રાજ્યના વિકાસમાં સદઉપયોગ કરીને જ્ઞાનના પ્રકાશપૂંજથી આત્મનિર્ભર ભારતના પ્રધાનમંત્રીના સપનાને સાકાર કરવાનું આહવાન કર્યુ છે.

મુખ્યમંત્રીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ૬ઠ્ઠા પદવીદાન સમારોહમાં ૧૨ હજાર જેટલા પદવીધારક છાત્રોને વિડીયો કોન્ફરન્સથી સંબોધન કર્યુ હતું.

પ્રવર્તમાન કોરોના કાળમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ સતત બીજો પદવી દાન સમારોહ વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી આયોજિત કરી અન્યો માટે પ્રેરણા પૂરી પાડી છે તે માટે વિજયભાઈ રૂપાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પદવીદાન સમારોહમાં ૨૮ ગોલ્ડ અને ૩૧ સિલ્વર મેડલ પ્રાપ્ત પ્રતિભાવંત છાત્રો, ૧૯૩૬ ગ્રામીણ મહિલાશક્તિ સહિત ૧૨૩૨૩ વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક, ડીપ્લોમા વગેરે અભ્યાસક્રમોની પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષ માટે નવ દીક્ષિત યુવાઓને પ્રતિબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ૧૯૯૪ માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં સ્થપાયેલી રાજ્યની એકમાત્ર આ ઓપન યુનિવર્સિટી શિક્ષણ, સંસ્કૃતિ અને સદભાવના દિશાબોધન ધામ તરીકે રાજ્યના ધમધમતા શહેરોથી માંડીને અંતરિયાળ છેવાડાના ગ્રામ્ય વિસ્તાર સુધીના જનસમૂહોને ઘેર બેઠાં જ્ઞાન ગંગા પહોચાડે છે.

તેમણે આ યુનિવર્સિટીએ ટ્રાન્સજેન્ડર, જેલના કેદીઓ, દિવ્યાંગ બાળકો, શહીદવીરોની ધર્મપત્નીઓ-બાળકો અને એચઆઈવી ગ્રસ્ત લોકોને વિનામૂલ્યે શિક્ષણ આપવાના યુનિવર્સિટીના અભિગમની પ્રસંશા કરી હતી.